| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૦૯ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**<u>સેશન્સ કેસ નંબરઃ ૨૧૦/૨૦૨૫.</u>**

**આંકઃ ૭૨**

**<u>ફરિયાદી.</u>**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**<u>આરોપીઓ.</u>**

૧. **રમેશભાઈ ખીમાભાઈ ખાવડુ,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ મજુરી,
રહે. નાના માત્રા, તા. વિંછીયા,
જિલ્લોઃ રાજકોટ.

૨. **પ્રકાશભાઈ જયંતીભાઈ પરમાર,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ મજુરી,
રહે. નાના હરણીયા, તા. સાયલા,
જિલ્લોઃ સુરેન્દ્રનગર.

**બાબતઃ <u>બી. એન. એસ. એક્ટ-૨૦૨૩ ની કલમ-૬૪(૨)(એમ) મુજબ.</u>**

**<u>વકિલશ્રીઓઃઃ</u>**

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી એમ. જી. પીપળીયા.
આરોપી નંબરઃ ૧ તરફે વિદ્વાન વકિલશ્રી એ. એ. કલાડીયા.
<u>આરોપી નંબરઃ ૨ તરફે વિદ્વાન વકિલશ્રી એ. એલ. બાલવા.</u>

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ ના રોજથી આશરે ૧૫ દિવસ સુધી તેમજ તા. ૦૮/૦૯/૨૫ ના રોજ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૦૯/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીઓઓઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **રમેશભાઇ ખીમાભાઇ ખાવડુ.** | ૧૩/૦૯/૨૦૨૫ | ૦૧/૧૨/૨૦૨૫ | બી.એન.એસ એક્ટની કલમ ૬૪(૨) (એમ) | નિર્દોષ | – | – |
| ૨. | **પ્રકાશભાઇ જેન્તીભાઇ પરમાર.** | ૧૫/૦૯/૨૦૨૫ | ૧૨/૧૨/૨૦૨૫ | બી.એન.એસ એક્ટની કલમ ૬૪(૨) (એમ) | નિર્દોષ | – | – |

## –// <u>ચુ કા દો</u> //–

૧. આ કામના આરોપીઓ સેશન્સ કેસ નંબરઃ ૨૧૦/૨૦૨૫ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, તેઓની વિરૂદ્ધ બી.એન.એસ.એકટ–૨૦૨૩ની કલમ ૬૪(૨)(એમ) મુજબના ગુન્હા સબબ આંક–૨૧ થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું

આરોપીઓને વાંચી સંભળાવતા તેમનું અનુક્રમે આંક-૨૨, ૨૩ થી નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામાં મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપીઓ સામે તહોમતનામા મુજબના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત</u>.**

૨. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખઃ ૦૫/૦૮/૨૦૨૫ ના રોજથી આશરે ૧૫ દિવસ સુધી અવારનવાર રાત્રીના સમયે તથા તારીખઃ ૦૮/૦૯/૨૦૨૫ ના રાત્રીના સુમારે આરોપી નંબરઃ ૧ ના રહેણાંક મકાને તથા મદાવા ગામે મુળીબેનની વાડીમાં આવેલ ઓરડીમાં આરોપી નંબરઃ ૧ નાઓએ ફરીયાદીને તેના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપી ફરીયાદીની મરજી વિરૂદ્ધ ફરીયાદી સાથે વારંવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી તથા આરોપી નંબરઃ ૨ નાઓએ ફરીયાદીને ભાડુકા ગામે લઈ જવાનુ કહી મોટરસાયકલ ઉપર મદાવા ગામે સાહેદ મુળીબેન ખીમાભાઈ છાસીયાની મદાવા ગામની સીમમાં આવેલ વાડીમાંની ઓરડીમાં લઇ જઇ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર કરેલ અને તેમ કરી બંને આરોપીઓએ ફરીયાદી સાથે બળાત્કાર કરી ફરીયાદીને ગર્ભ રાખી દઈ તેમ કરી આરોપીઓએ ગંભીર પ્રકારના સમાજ વિરોધી ગુન્હો કરેલ હોય, આ બાબતની ફરિયાદીએ રાજકોટ ગ્રામ્ય, વિંછીયા પોલીસ સ્ટેશનમા ફરિયાદ કરતા પોલીસે તે ફરિયાદ રાજકોટ ગ્રામ્ય, વિંછીયા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૬૮૨૫૦૩૩૪/૨૦૨૫, બી. એન. એસ. એકટ-૨૦૨૩ ની કલમ-૬૪(૨)(એમ) મુજબનો ગુનો નોંધી, ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ

કરતા, આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાય આવતા, આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ.એકટ–૨૦૨૩ ની કલમ–૬૪(૨)(એમ) મુજબના ગુનાનુ ચાર્જશીટ વિ. ટ્રાયલ કોર્ટમાં રજુ કરતા તેને ફોજદારી કેસ નંબરઃ ૨૯૯/૨૦૨૫ આપવામાં આવેલ અને આરોપીઓને ચાર્જશીટ સહિતના તપાસના તમામ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે વિનામૂલ્યે આપી આરોપીઓ વિરૂદ્ધનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૨ મુજબ કમીટ કરી સેશન્સ કોર્ટ રાજકોટને મોકલી આપતા તેને સેશન્સ કેસ નંબરઃ ૨૧૦/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

3. ફરીયાદપક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **<u>મૌખિક પુરાવો.</u>**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી/ભોગબનનાર. | ૨૬ |
| ૦૨ | ફરિયાદી/ભોગબનનારના પિતા. | ૩૩ |
| ૦૩ | ફરિયાદી/ભોગબનનારના માતા. | ૩૪ |
| ૦૪ | આરોપીઓના ડીએનએ પ્રોફાઈલીંગ માટેના બ્લેડ સેમ્પલ લેનાર ડો. હાર્વીશા ભુપેન્દ્રભાઇ સીરજા. | ૩૯ |
| ૦૫ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. જેની રમેશભાઇ કમાણી. | ૪૨ |
| ૦૬ | આરોપીઓની મેડીકલ ચકાસણી કરનાર ડો. મિલન સુરેશભાઇ જસાણી. | ૪૭ |
| ૦૭ | સાહેદ ઇશ્વરભાઇ ખીમાભાઇ ખાવડુના ડી.એન.એ. માટેના બ્લડ સેમ્પલ લેનાર ડો. નારણભાઇ કરશનભાઇ જાદવ. | ૫૦ |
| ૦૮ | તપાસ કરનાર અધિકારી – આનંદભાઇ ચંદુભાઇ ડામોર. | ૬૧ |

## (બી) <u>દસ્તાવેજી પુરાવો.</u>

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ. | ૨૭ |
| ૦૨ | ફરિયાદી/ભોગબનનારનુ બીએનએસએસની કલમ ૧૮૩ નુ નિવેદન. | ૨૮ |
| ૦૩ | આરોપી રમેશભાઇનુ ડી.એન.એ. પ્રોફાઇલીંગ ફોર્મ. | ૪૦ |
| ૦૪ | આરોપી પ્રકાશભાઇનુ ડી.એન.એ. ફોર્મ. | ૪૧ |
| ૦૫ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરવા અંગેની યાદી. | ૪૩ |
| ૦૬ | ભોગબનનારની મેડીકલ ચકાસણીનુ સર્ટિફિકેટ. | ૪૪ |
| ૦૭ | ભોગબનનારનુ ડી.એન.એ. આઇડેન્ટીફીકેશન ફોર્મ. | ૪૫ |
| ૦૮ | આરોપી રમેશભાઇની મેડીકલ ચકાસણીનુ સર્ટિફિકેટ. | ૪૮ |
| ૦૯ | આરોપી પ્રકાશભાઇની મેડીકલ ચકાસણીનુ સર્ટિફિકેટ. | ૪૯ |
| ૧૦ | સાહેદ ઇશ્વરભાઇના ડી.એન.એ. પ્રોફાઇલીંગ માટે બ્લડ સેમ્પલ લેવા અંગેની યાદી. | ૫૧ |
| ૧૧ | સાહેદ ઇશ્વરભાઇની ડી.એન.એ. આઇડેન્ટીફીકેશન ફોર્મ. | ૫૨ |
| ૧૨ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ. | ૫૫ |
| ૧૩ | સ્થાનિક પંચનામુ. | ૫૬ |
| ૧૪ | ભોગબનનારના કપડા કબ્જે કર્યાનુ પંચનામું. | ૫૭ |
| ૧૫ | આરોપી રમેશભાઇને અટક કર્યાનુ પંચનામુ. | ૫૮ |
| ૧૬ | આરોપી રમેશભાઇના કપડા કબ્જે કર્યાનુ પંચનામું. | ૫૯ |
| ૧૭ | આરોપી પ્રકાશભાઇને અટક કર્યાનુ તથા તેના કપડા કબ્જે કર્યાનુ પંચનામું. | ૬૦ |
| ૧૮ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો પત્ર. | ૬૨ |
| ૧૯ | મુદામાલ રવાનગી. | ૬૩ |
| ૨૦ | મુદામાલ રવાનગી. | ૬૪ |
| ૨૧ | મુદામાલ મળ્યાની પહોંચ. | ૬૫ |
| ૨૨ | મુદામાલ મળ્યાની પહોંચ. | ૬૬ |
| ૨૩ | એફ.એસ.એલ.નો પત્ર. | ૬૭ |
| ૨૪ | મુદામાલ પરીક્ષણ અહેવાલ. | ૬૮ |
| ૨૫ | એફ.એસ.એલ. નો પત્ર. | ૬૯ |
| ૨૬ | મુદામાલ પરીક્ષણ અહેવાલ. | ૭૦ |

૪. આ કામે વિ.એ.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ

આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને સદરહુ કેસમાં તેઓને ખોટા આક્ષેપો કરી ખોટી રીતે સંડોવી દીધેલ છે અને તેઓને ખોટી રીતે અટક કરેલ છે તેમજ તેઓ કહેવાતા ગુન્હા વિશે કાંઈ જાણતા નથી.

**<u>પક્ષકારોની દલીલોઃ</u>–**

૫. આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા પહેલા બંને પક્ષના વિ.વ.શ્રીઓ દ્વારા કરવામાં આવેલી સમગ્ર રજૂઆતો ધ્યાને લેવામાં આવેલ છે. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં ફરિયાદપક્ષ તરફે આરોપીઓ વિરુદ્ધ આંક ૨૧ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની વિગતેના આક્ષેપોની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે અને આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. આ કામે ડોકટર સાહેદોના પુરાવાથી તેમજ તપાસ કરનાર અમલદાર તથા અન્ય સાહેદોના પુરાવાથી અને મુદામાલ પૃથ્થકરણ અહેવાલની હકીકતોથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું હોઈ, આરોપીઓ વિરૂદ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીઓને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

૬. જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલોમાં મુખ્યત્વે જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. મહત્વના સાહેદ ફરિયાદી/ભોગબનનારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આરોપીઓની ખોટી

રીતે સંડોવણી કરેલ છે. ફરિયાદીના માતા–પિતાએ પણ ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ નથી તેમજ તેણીને આરોપીઓએ સમાધાન કરાવી આપવાની ખોટી લાલચ આપી, વારંવાર ફરિયાદીની મરજી વિરુદ્ધ ફરિયાદી સાથે શારિરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોવાની હકીકતો પુરવાર થતી નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી, ફરિયાદીના માતા–પિતાએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ના હોય, તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં જ્યારે મહત્વના સાહેદ ભોગબનનાર/ફરિયાદીએ જ ફરિયાદની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી જેથી તબીબી પુરાવાની હકીકતોથી પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળતુ હોવાનુ માની શકાય તેમ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૭. સદર કામે બન્ને પક્ષની રજૂઆતો, કેસની હકીકતો અને અત્રે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–// મુદ્દાઓ //–**

૧) **શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે તારીખઃ ૦૫/૦૮/૨૦૨૫ ના રોજથી આશરે ૧૫ દિવસ સુધી અવારનવાર રાત્રીના સમયે તથા તારીખઃ ૦૮/૦૯/૨૦૨૫ ના રાત્રીના સુમારે આરોપી નંબરઃ ૧ ના રહેણાંક મકાને તથા મદાવા ગામે મુળીબેનની વાડીમાં આવેલ ઓરડીમાં આરોપી નંબરઃ ૧ નાઓએ ફરીયાદીને તેના પતિ સાથે સમાધાન કરાવી**

**દેવાની લાલચ આપી ફરીયાદીની મરજી વિરૂદ્ધ ફરીયાદી સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તથા આરોપી નંબરઃ ૨ નાઓએ ફરીયાદીને સાહેદ મુળીબેન ખીમાભાઈ છાસીયાની મદાવા ગામની સીમમાં આવેલ વાડીમાંની ઓરડીમાં લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર કરી તેમ કરી બંને આરોપીઓએ ફરીયાદી સાથે બળાત્કાર કરી ફરીયાદીને ગર્ભ રાખી દઈ તેમ કરી બી.એન.એસ.એકટ–૨૦૨૩ ની કલમ–૬૪(૨)(એમ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?**

**૨) શું હુકમ ?**

૮. ઉપરોક્ત મુદાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**૧) નકારાત્મક,**
**૨) આખરી હુકમ મુજબ.**

–// **<u>કા ર ણો</u>** //–

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**:–

૯. ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ. (૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો છે કે, જે સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય,

દુર હોય માનવાલાયક ન હોય તો, પુર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

૧૦. ફરિયાદી/ભોગ બનનારના માતા–પિતા, ભાઈ–બહેન અગર તો નજીકનાં સગા કે હિતેચ્છુ કે મિત્ર હોય, તેટલા જ કારણોસર પુરાવો અવગણવો ન જોઈએ પરંતુ, અદાલતે સતર્કતા દાખવી મુલ્યાંકન કરવું જોઈએ. નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો તેમજ જાહેર સેવક તેમની ફરજની રુએ જે કાર્ય બજાવતા હોય તે પુરાવો તેમજ નિષ્ણાંત અભિપ્રાય અને મંતવ્ય સિધ્ધ પુરાવો અદાલતે સામાન્ય રીતે સ્વીકારવો જોઈએ. ઉપરોકત કાનુની પ્રસ્થાપિત સર્વો સામાન્ય સિધ્ધાંતો અનુલક્ષીને અદાલતે રજુ મૌખિક પુરાવો જે સાહેદો અદાલત સમક્ષ પ્રસ્તુત કરતા હોય ત્યારે પુરાવાના મુલ્યાંકન સમયે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમય ગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદોની માનસિક–શારિરીક, બૌધ્ધિક સમજતા, ક્ષમતા જેવા પરિબળો લક્ષમાં લેવાના રહે છે.

૧૧. ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા, વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતા અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન માને, તેવા ભયના કારણસર, લાગણીના કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે

અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તેજ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 =2H20" અદાલત સમક્ષના પુરાવામાં શકય નથી. પુરાવાના મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

**૧૨.** ૨૦૦૭, જી.એલ.આર. પાના નંબરઃ ૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મુલ્યાંકન અંગેના સિદ્ધાંત જોતા, બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાપક્ષનો કેસ હોઈ શકે નહી. અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઈ સિદ્ધાંત પ્રત્યેની અંધશ્રદ્ધા નથી.

**મુદ્ધા નંબરઃ ૧ ની ચર્ચા**.

**૧૩.** ફોજદારી કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપીઓ સામેની સાબિતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદ પક્ષે સંપૂર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે અને આરોપીઓએ તો માત્ર મૌન જ રાખવાનું

છે. આરોપીઓના કેસની નબળાઈનો લાભ ફરિયાદ પક્ષ ઉઠાવી શકે નહિ. ફોજદારી કેસમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરિણામ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રિયા જણાવવામાં આવેલી નથી. **નામદાર સુપ્રિમેકોર્ટે સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ વિરૂધ્ધ અનિલસીંગ, એ.આઈ.આર.૧૯૮૮ (સુપ્રિમ કોર્ટ) પાના નંબર ૧૯૯૮** ઉપરના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય, પરંતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, પરંતુ જજની એ પણ ફરજ છે કે, ગુનો કરનાર વ્યકિત સજામાંથી છટકી પણ જવો જોઈએ નહિ.

<u>ફરિયાદી/ભોગબનનાર, ભોગબનનારના પિતા તથા માતાનો પુરાવોઃ</u>–

૧૪. આ કામે મુદા નંબરઃ ૧ સંદર્ભે ફરિયાદપક્ષ તરફે રજુ રાખવામાં આવેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી સમગ્ર પુરાવાની તુલનાત્મક ચર્ચા કરવામાં આવે તો ભોગબનનાર/ફરિયાદીનો પુરાવો ખુબજ મહત્વનો પુરાવો છે અને આ કામે **ફરિયાદી/ભોગબનારને આંક ૨૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને ફરિયાદીએ જણાવેલ છે કે, તેણીની સાથે કોઈ બનાવ બનેલ નથી તેમજ આરોપીઓએ તેણીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપેલી હોય તેવુ બનેલુ નથી અને આરોપીઓએ તેવી લાલચ આપીને તેણીની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીઓએ તેણીની સાથે બળાત્કાર કરી તેણીને

ગર્ભ રાખી દીધેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. વધુમાં ફરિયાદી જણાવે છે કે તેણી આરોપીઓ સાથે કંયાય ગયેલ નથી કે તે તેણીને કંયાય લઇ ગયેલા નથી અને તેણીને ઘરે કામકાજ કરવુ ન હોય તે માટે તેણી ઘરેથી નીકળી ગયેલી અને એક વાર પોલીસ સ્ટેશને પણ ગયેલી અને તેણી આરોપીઓને જોયેથી ઓળખતી નથી. વધુમાં ફરિયાદીના પુરાવા દરમ્યાન આંક ૨૭ થી ફરિયાદ તથા આંક ૨૮ થી ફરિયાદીનુ બી.એન.એસ.એસ. કલમ ૧૮૩ નુ નિવેદન રજુ થયેલ છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, ફરીયાદ બાદ તેણીનુ મેડીકલ કરાવેલુ છે તેમજ જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે તેણી ગયેલી. વધુમાં જણાવેલ છે કે, તેણીએ કોઇ કપડા પોલીસને આપેલા નથી અને તેણી કોઇ કપડા ઓળખતી નથી અને ફરીયાદ આપ્યા બાદ તેણી પોલીસ સ્ટેશન ગયેલ નથી તેમજ મેડિકલ ચકાસણી દરમ્યાન ડોકટરને કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી.

**૧૪.૧** આમ ફરિયાદી/ભોગબનનાર ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ હકીકત કે બનાવને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ભોગબનનારની જુબાનથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૪.૨** ફરિયાદી/ભોગબનનારની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે...

**“એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામુ પુછેલુ એ સીવાય મે કોઈ જ હકીકત જણાવેલ નથી.”**

**"એ વાત ખરી છે કે, ડોકટર રુબરુ મે કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી.”**

**"એ વાત ખરી છે કે, મે અન્ય કોઈ જગ્યાએ કે મારા પરીવારના**

**સભ્યોને આ બાબતની કોઈ હકીકત જણાવેલ હોય તેવુ બનેલ નથી."**
**"એ વાત ખરી છે કે, પોલીસે મને મારુ નિવેદન વાંચી સંભળાવેલ નહી."**
**"એ વાત ખરી છે કે, મે જે ૧૮૩ નું નિવેદન આપેલુ તે પોલીસે મને શીખવાડેલુ હતુ અને તે બોલવાનું કહેતા મે બોલેલું પરંતુ તેમા જણાવ્યા મુજબની હકીકત મારી સાથે બનેલી નથી."**
**"એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ મને કયારેય કોઇ જગ્યાએ લઈ ગયેલ નથી કે હું આરોપીઓ સાથે કયારેય ગયેલ નથી અને આરોપીઓએ મારી સાથે ખોટી રીતે લાલચ આપી જુદી જુદી જગ્યાએ લઈ જઈ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી."**
**"એ વાત ખરી છે કે હું કોઈપણ લાલચ, દબાણ કે ધમકી વગર આજરોજ જુબાની આપુ છુ."**

૧૪.૩ આમ, મહત્વના સાહેદ ભોગબનનાર/ફરિયાદીના પુરાવાની હકીકતો વંચાણે લેતા ભોગબનનારે તેમના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, આરોપીઓએ તેણીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપેલી હોય તેવુ બનેલુ નથી અને આરોપીઓએ તેવી લાલચ આપીને તેણીની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીઓએ તેણીની સાથે બળાત્કાર કરી તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવુ કાંઈ બનેલ નથી તેમજ તેણીએ કોઈ કપડા પોલીસને આપેલા નથી અને તેણી કોઈ કપડા ઓળખતી નથી અને ફરીયાદ આપ્યા બાદ તેણી પોલીસ સ્ટેશન ગયેલ નથી તેમજ મેડિકલ ચકાસણી દરમ્યાન ડોકટરને કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી તેમજ તેણીએ જે ૧૮૩ નું નિવેદન આપેલુ તે પોલીસે તેણીને શીખવાડેલુ હતુ અને તે બોલવાનું કહેતા તેણીએ બોલેલું પરંતુ તેમા જણાવ્યા મુજબની

હકીકત તેણીની સાથે બનેલી નથી. તે સંજોગોમાં જ્યારે ખૂદ ફરિયાદી કે જે ભોગબનનાર સાહેદ છે અને તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તેણીએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેણીને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં આ કામે આરોપીઓ વિરુદ્ધ ફરમાવવામાં આવેલ આંક ૨૧ વાળા તહોમતનામામા જણાવ્યા મુજબના આક્ષેપિત ગુન્હાની હકીકત મુબજનો કોઇ બનાવ તેણી સાથે બનેલ જ નથી જેથી મહત્વના સાહેદ એવા ફરિયાદી/ભોગબનનારના પુરાવાના આધારે આરોપીઓને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૫. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૩૩ થી ફરિયાદી/ભોગબનનારના પિતા**ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે અને તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી તેમજ આરોપીઓએ તેમની ભોગબનનાર દીકરીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપેલી હોય તેવુ બનેલુ નથી અને આરોપીઓએ તેવી લાલચ આપીને તેણીની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓએ તેણીની સાથે બળાત્કાર કરી તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. વધુમાં સાહેદે જણાવેલ છે કે ભોગબનનાર દીકરી આરોપીઓ સાથે કંયાય ગયેલ નથી કે તેણીને કંયાય લઇ ગયેલા નથી અને તેઓ આરોપીઓને જોયેથી ઓળખતા નથી.

૧૫.૧ ફરિયાદીના પિતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ હકીકત

કે બનાવને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત સદરહુ સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૫.૨** ફરિયાદી/ભોગબનનારના પિતાની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે,,,

**"એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામુ પુછેલુ એ સીવાય મે કોઇ જ હકીકત જણાવેલ નથી."**

**"એ વાત ખરી છે કે, પોલીસે મને મારુ નિવેદન વાંચી સંભળાવેલ નહી."**

**"એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ ભોગબનનારને કયારેય કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી કે ભોગબનનાર આરોપીઓ સાથે કયારેય ગયેલ નથી અને આરોપીઓએ તેણીની સાથે ખોટી રીતે લાલચ આપી જુદી જુદી જગ્યાએ લઇ જઇ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી."**

**"એ વાત ખરી છે કે હું કોઇપણ લાલચ, દબાણ કે ધમકી વગર આજરોજ જુબાની આપુ છુ."**

**"બનાવ વિશે મને કોઇ જાતમાહિતી નથી."**

**૧૫.૩** આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય જેથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને સદરહુ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે તેમની દિકરી ભોગબનનાર સાથે કોઇ બનાવ બનેલ નથી. જેથી સદરહુ સાહેદના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળતુ હોવાનુ માની શકાય તેમ નથી.

**૧૬.** આ કામે ફરિયાદપક્ષ તરફે **ભોગબનનાર/ફરિયાદીના માતા**ને **આંક**

**૩૪** થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે અને તેમની દિકરી સાથે કોઇ બનાવ બનેલ નથી તેમજ આરોપીઓએ તેમની ભોગબનનાર દીકરીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપેલી હોય તેવુ બનેલુ નથી અને આરોપીઓએ તેવી લાલચ આપીને તેમની ભોગબનનાર દિકરીની મરજી વિરુદ્ધ તેણીની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓએ ભોગબનનાર સાથે બળાત્કાર કરી તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. વધુમાં સાહેદે જણાવેલ છે કે ભોગબનનાર દીકરી આરોપીઓ સાથે કંયાય ગયેલ નથી કે તેને કંયાય લઇ ગયેલા નથી અને તેણી આરોપીઓને જોયેથી ઓળખતી નથી.

**૧૬.૧** ફરિયાદીના માતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ હકીકત કે બનાવને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત સદરહુ સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬.૨** ફરિયાદી/ભોગબનનારના માતાની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે...

**“એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ સરનામુ પુછેલુ એ સીવાય મે કોઇ જ હકીકત જણાવેલ નથી.”**

**"એ વાત ખરી છે કે, પોલીસે મને મારુ નિવેદન વાંચી સંભળાવેલ નહી.”**

**"એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ ભોગબનનારને કયારેય કોઈ જગ્યાએ લઇ ગયેલ નથી કે ભોગબનનાર આરોપીઓ સાથે કયારેય ગયેલ નથી અને આરોપીઓએ તેણીની સાથે ખોટી રીતે**

**લાલચ આપી જુદી જુદી જગ્યાએ લઈ જઈ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી."**
**"એ વાત ખરી છે કે હું કોઈપણ લાલચ, દબાણ કે ધમકી વગર આજરોજ જુબાની આપુ છુ."**
**"બનાવ વિશે મને કોઈ જાતમાહિતી નથી."**

**૧૬.૩** આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય જેથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને સદરહુ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે તેમની દિકરી ભોગબનનાર સાથે કોઈ બનાવ બનેલ નથી. જેથી સદરહુ સાહેદના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળતુ હોવાનુ માની શકાય તેમ નથી.

<u>તબીબી પુરાવો.</u>

**૧૭.** આ કામે **આંક ૩૯ થી આરોપીઓના ડી.એન.એ. સેમ્પલ લેનાર મેડીકલ ઓફિસર ડો. હાર્વિશા ભુપેન્દ્રભાઈ સીરજા**ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ જણાવેલ છે કે, તારીખઃ ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ મેડિકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ, ગોંડલમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન લેખીત યાદી સાથે આરોપી નંબર ૧–રમેશભાઈ ખીમાભાઈ ખાવડુ અને આરોપી નંબર ૨–પ્રકાશભાઈ જેન્તીભાઈ પરમારનાઓના ડી.એન.એ. પ્રોફાઈલીંગ અર્થે લોહીના સેમ્પલીંગ લેવા માટે તેમના સમક્ષ લાવવામા આવેલા અને તેઓએ બંને આરોપીઓના યોગ્ય માત્રામા ડી.એન.એ. માટેના બ્લડ સેમ્પલો મેળવેલા અને તે અંગેના ફોર્મ તૈયાર કરેલા. જે ફોર્મમા બંને આરોપીઓના ફોટા લગાવવામા આવેલા છે અને તે અંગેના ફોર્મમા બે

પોલીસની સાક્ષી તરીકે સહી લીધેલી છે તથા તેઓએ સહી તથા હોદ્દાનો સીકકો કરેલ છે, જે બંને અસલ ડીએનએ ફોર્મ આ કામે આંક ૭૦ તથા આંક ૭૧ થી રજુ થયેલ છે. આમ, સદરહુ તબીબી સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઇએ તો તેમના દ્વારા આરોપીઓના ડી.એન.એ. માટેના બ્લડ સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે બાબતે તેઓએ પુરાવો આપેલ છે.

૧૮. આ કામે ફરિયાદપક્ષ તરફે **ભોગબનનારની મેડીકલ ચકાસણી કરનાર ડો. જેની રમેશભાઈ કમાણી**ને **આંક ૭૨** થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ મેડિકલ ઓફીસર તરીકે પીડીયુ જનાના હોસ્પીટલ રાજકોટમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન લેખીત યાદી સાથે ભોગબનનારને મેડીકલ તપાસણી કરવા માટે તેમના સમક્ષ લાવેલા, જે અસલ યાદી આંક ૭૩ ના આધારે તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસણી તેણીની સંમતી મેળવી કરેલી. જેમાં ભોગબનનારના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર વિકસીત હતા તેમજ યોનીપટલ જુનુ તુટેલુ હતુ અને તેણીએ તેમના સમક્ષ બનાવ અંગેની હીસ્ટ્રી લખાવેલી જે તેઓએ તેણીના જણાવ્યા મુજબ શબ્દસહ એમ.એલ.સી. કેસ પેપર્સમા લખી લીધેલ તેમજ ભોગબનનારની મેડીકલ ચકાસણી દરમ્યાન જરુર મુજબના નમુના લઈ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા અને વધુમાં સાહેદે જણાવેલ છે કે, તેઓએ તથા સાથેના ડોકટર ક્રિષ્ના મેમકીયાએ કરેલી તપાસણીના આધારે તેઓ કહી શકે કે ભોગબનનાર સાથે જાતીય સતામણીની શકયતા નકારી શકાય નહી તેમજ તેણીનો પ્રેગનન્સી ટેસ્ટ પોઝીટીવ હતો. સદરહુ તબીબી સાહેદના પુરાવા દરમ્યાન આંક ૭૪ થી ભોગબનનારનુ મેડિકલ ચકાસણીનુ સર્ટીફીકેટ તેમજ આંક ૭૫ થી

ભોગબનનારનુ ડી.એન.એ. પ્રોફાઈલીંગ આઈડેન્ટીફીકેશન ફોર્મ રજુ થયેલ છે.

૧૮.૧ સદરહુ સાહેદે બચાવ પક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, **"એ વાત ખરી છે કે ભોગબનનારના આંતરીક કે બાહ્ય ભાગો પર કોઇ ઈજાના નિશાન જણાઈ આવેલ ન હતા."**

૧૮.૨ આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો તેઓ દ્વારા ભોગબનનારની મેડીકલ તપાસણી કરવામાં આવેલી તેમજ ભોગબનનારના શરીરમાંથી ડીએનએ માટેના જરૂરી બ્લડ સેમ્પલ લેવામાં આવેલ હોવાનુ તેમજ મેડીકલ તપાસણી દરમ્યાન ભોગબનનારના સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેક્ટર વિકસિત હોવાનુ અને ભોગબનનારનુ યોનીપટલ જુનુ તુટેલુ હોવાનુ તેમજ હિસ્ટ્રી ભોગબનનારના જણાવ્યા મુજબ લખી લીધેલ હોવાનુ તેમજ ભોગબનનારનો પ્રેગનન્સી ટેસ્ટ પોઝીટીવ હોવાનુ અને તબીબશ્રીના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે જાતિય સતામણીની શકયતા નકારી શકાય નહિ હોવાની હકીકતો જણાવાયેલ છે પરંતુ ખુદ ભોગબનનાર સાહેદે તેમના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેણીએ ડોકટર રુબરુ કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી તેમજ આરોપીઓએ તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓએ તેણીની સાથે શરીરસંબંધ બાંધીને તેણીને ગર્ભવતી બનાવેલ હોય તેવુ બનેલ નથી. આમ, આરોપીઓએ તેણીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપી તેણી સાથે શરીરસંબંધ બાંધેલ હોય કે આરોપીઓએ તેણી સાથે શરીર સંબંધ બાંધી તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી તેમજ તબીબી સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેઓએ પણ સ્વીકારેલ છે કે, ભોગબનનારના આંતરિક કે બાહ્ય ભાગો પર કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ ન

હતા. આ સંજોગોમાં સદરહુ તબીબી સાહેદના પુરાવાની હકીકતોથી આરોપીઓને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૯. આ કામે આરોપીઓની મેડીકલ ચકાસણી કરનાર **ડો. મિલન સુરેશભાઈ જસાણી**ને **આંક ૪૭** થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે તારીખઃ ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ સી.એચ.સી. વિંછીયા ખાતે મેડિકલ ઓફીસર તરીકે ફરજ પર હતા તે દરમ્યાન આરોપી રમેશભાઈ ખીમાભાઈ ખાવડુને મેડીકલ તપાસણી કરવા માટે તેમના સમક્ષ લાવેલા અને તેઓએ આરોપી રમેશભાઈ ખીમાભાઈ ખાવડુની મેડીકલ તપાસણી કરેલી જેમાં આરોપી રમેશભાઈના જનનાંગો પર કે શરીર પર અન્ય કોઈ ઈજાના નિશાન જોવામાં આવેલ ન હતા, તેના ટેસ્ટીકલ્સ વિકસિત હતા અને આરોપીએ તેમના સમક્ષ હિસ્ટ્રી જણાવેલી જે તેઓએ તેમના જણાવ્યા મુજબ શબ્દસહ એમએલસી કેસ પેપર્સમા લખી લીધેલી તેમજ આરોપી રમેશભાઈની મેડીકલ ચકાસણી દરમ્યાન જરુર મુજબના નમુના લઈ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા તેમજ તેમના અભિપ્રાય મુજબ આરોપી રમેશભાઈ શારિરીક સંભોગ કરના માટે સક્ષમ હતા. વધુમાં સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન આંક ૪૮ થી આરોપી રમેશભાઈની મેડીકલ ચકાસણીનુ સર્ટિફિકેટ રજુ થયેલ છે. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે તારીખઃ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ સી.એચ.સી. વિંછીયા ખાતે મેડિકલ ઓફીસર તરીકે ફરજ પર હતા તે દરમ્યાન આરોપી પ્રકાશભાઈ જેન્તીભાઈ પરમારને વિંછીયા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી મેડીકલ તપાસણી કરવા માટે તેમના સમક્ષ લાવેલા અને તેઓએ આરોપી પ્રકાશભાઈ જેન્તીભાઈ પરમારની મેડીકલ તપાસણી કરેલી. જેમાં આરોપી પ્રકાશભાઈના ટેસ્ટીકલ્સ વિકસિત હતા અને આરોપીએ

તેમના સમક્ષ હિસ્ટ્રી જણાવેલી જે તેઓએ તેઓના જણાવ્યા મુજબ શબ્દસહ એમએલસી કેસ પેપર્સમા લખી લીધેલી અને તેઓએ આરોપીની મેડીકલ ચકાસણી દરમ્યાન જરુર મુજબના નમુના લઇ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા તેમજ તેઓએ કરેલી આરોપીની મેડીકલ ચકાસણીના આધારે તેઓ કહી શકે કે, આરોપી પ્રકાશભાઇ શારિરીક સંભોગ કરવા માટે સક્ષમ હતા અને સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન આરોપી પ્રકાશભાઇની મેડીકલ ચકાસણીનુ સર્ટિફીકેટ આંક ૪૯ થી રજુ થયેલ છે.

**૧૯.૧** આ કામે સદરહુ તબીબી સાહેદનો આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે, "એ વાત ખરી છે કે આરોપીઓને લઇને પોલીસ મારી પાસે આવેલી."

**૧૯.૨** આમ, ઉપરોક્ત તબીબી સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઇએ તો તેઓ દ્વારા આ કામે આરોપીઓની મેડીકલ ચકાસણી કરવામાં આવેલ જેમાં આરોપીઓના ટેસ્ટીકલ્સ વિકસિત હતા અને આરોપીઓએ તેમના સમક્ષ હિસ્ટ્રી જણાવેલી જે તેઓએ તેમના જણાવ્યા મુજબ શબ્દસહ એમએલસી કેસ પેપર્સમા લખી લીધેલી તેમજ આરોપીઓની મેડીકલ ચકાસણી દરમ્યાન જરુર મુજબના નમુના લઇ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા તેમજ તેમના અભિપ્રાય મુજબ આરોપીઓ શારિરીક સંભોગ કરના માટે સક્ષમ હતા પરંતુ આ કામે સૌથી મહત્વના સાહેદ ભોગબનનારે તેમના કોર્ટ સમક્ષના સોગંદ પરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેણીએ ડોકટર રુબરુ કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી તેમજ આરોપીઓએ તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓએ તેણીની સાથે શરીરસંબંધ બાંધીને તેણીને ગર્ભવતી

બનાવેલ હોય તેવુ બનેલ નથી. આ સંજોગોમાં સદરહુ તબીબી સાહેદના પુરાવાની હકીકતોથી આરોપીઓને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૦.** આ કામે ફરિયાદપક્ષ તરફે **સાહેદ ભોગબનનારના પતિના ડી.એન.એ. ટેસ્ટ માટેના જરુરી બ્લેડ સેમ્પલ લેનાર ડો. નારણભાઇ કરશનભાઇ જાદવ**ને **આંક ૫૦** થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ જણાવેલ છે કે તારીખઃ ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ મેડિકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ, રાજકોટમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન લેખીત યાદી સાથે સાહેદ ઇશ્વરભાઇ ખીમાભાઇ ખાવડુનાઓના ડી.એન.એ. પ્રોફાઈલીંગ અર્થે લોહીના સેમ્પલીંગ લેવા માટે તેમના સમક્ષ લાવવામા આવેલા. જે આંક ૫૧ વાળી યાદીના આધારે સાહેદ ઇશ્વરભાઇ ખીમાભાઇ ખાવડુના યોગ્ય માત્રામા ડી.એન.એ. માટેના બ્લડ સેમ્પલો મેળવેલા અને તે અંગેના ફોર્મ તૈયાર કરેલા. જે ફોર્મમા સાહેદ ઇશ્વરભાઇ ખીમાભાઇ ખાવડુના ફોટા લગાવવામા આવેલા છે તથા તેમા તેમની સહી તથા હોદ્દાનો સીકકો કરેલ છે, જે ડીએનએ ફોર્મ આ કામે આંક ૫૨ થી રજુ રાખવામાં આવેલ છે.

**<u>પૃથ્થકરણ અહેવાલ.</u>**

**૨૧.** આ કામે એ નોંધવુ જરુરી છે કે સદરહુ ગુન્હાની તપાસ દરમ્યાન ભોગબનનાર, આરોપીઓ તથા ભોગબનનારના પતિના ડીએનએ ટેસ્ટ કરવામાં આવેલ, જે અંગેનો ડીએનએ રીપોર્ટ આંક ૬૮ થી પુરાવામાં દાખલ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો તેમાં નીચે મુજબનુ તારણ આપવામાં આવેલ છે.

## CONCLUSION:

From above observations, it is concluded that

1. Rameshbhai Khimabhai Khavdu (Source of Exhibit-N: Blood) and Abortus (Source of Exhibit-M) showed biological paternal relation with each other.
2. Rameshbhai Khimabhai Khavdu (Source of Exhibit-N: Blood) and xxxben d/o Lakhabhai Vaghela (Source of Exhibit-L-1: Blood) are consistent as Biological Parents of Abortus (Source of Exhibit-M).

અત્રે એ નોંધનીય છે કે, ડી.એન.એ. રીપોર્ટમાં પિતૃત્વ આરોપી નંબરઃ ૧ નું હોવાનુ દર્શાવવામા આવેલ છે પરંતુ જયારે ભોગ બનનારે આરોપીઓએ તેણી સાથે શારીરિક સંબંધ બાંધ્યાનો જ સ્પષ્ટ ઈન્કાર કરેલ હોય ત્યારે માત્ર સાયન્ટિફીક પુરાવા આધારે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત સાબિત માની શકાય નહિ અને તે કન્કલુઝીવ પુરાવા ગણી શકાય નહિ. વધુમાં ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર તબીબશ્રીએ આંક ૪૨ ના પુરાવામાં ભોગબનનારના ડી.એન.એ. પ્રોફાઈલીંગ માટે જરુરી બ્લડ સેમ્પલ કેટલી માત્રામાં લેવામાં આવેલ તે બાબતે કોઈ હકીકતો જણાવેલ નથી તેમજ ડી.એન.એ. પરીક્ષણ કરનાર સાયન્ટિફીક ઓફિસરશ્રીનો મૌખિક પુરાવો આ કામે રજુ થયેલ નથી. વળી આ કામે ભોગબનનાર અને આરોપીઓ પુખ્ત વયના છે, તે સંજોગોમાં પણ માત્ર સાયન્ટિફીક પુરાવાના આધારે આરોપીઓ વિરુદ્ધનુ તહોમત નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહિ.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **2009 (2) G.L.R. 1268, PREMJIBHAI BACHUBHAI KHASIYA -V/S-**

**STATE OF GUJARAT** નાં ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત અત્રે ધ્યાને લેવો જરૂરી બની જાય છે, જે નીચે મુજબ છે.

**(B) Evidence Act, 1872 (I of 1872) Sec.45 Indian Penal Code, 1860 (XLV of 1860) -Sec.376 -D.N.A. report When positive D.N.A. report is the sole piece of evidence, it cannot be the conclusive evidence to record conviction However, when the report is negative, "it would conclusively exonerated the accused".**

આમ, ઉપરોકત સાયન્ટીફીક પુરાવો તથા ભોગ બનનારનો પુરાવો એક સાથે લક્ષમાં લેતાં તેમજ રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતાં નથી કે આરોપીઓએ ભોગબનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ છે.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવો.</u>**

**૨૨.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નંબરઃ ૮ તપાસ કરનાર અધિકારી – આનંદભાઈ ચંદુભાઈ ડામોરને આંક ૬૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરુપે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ ભોગ બનનાર ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, તપાસ કરનાર અધિકારીને કોઈ અંગત માહિતી ના હોય તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી હોવાનું જણાય આવતુ નથી. વધુમાં ત.ક.અ. એ આંક ૬૨ થી આંક ૭૦ સુધીના દસ્તાવેજો પોતાના

સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન રજુ કરેલા છે જે તેણે તપાસ દરમ્યાન કબ્જે કરેલા અને લખેલા દસ્તાવેજો છે, તે દસ્તાવેજો તેમજ આ કામે રજુ થયેલ અન્ય તમામ દસ્તાવેજો વંચાણે લેતા તેનાથી પણ ફરિયાદપક્ષના કેસને કોઇ મદદ મળતી નથી.

**૨૩.** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને તથા વંચાણે લેતા સૌપ્રથમ તો આ કામે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ભોગબનનાર/ફરિયાદીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપીઓએ તેણીને તેણીના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપેલી હોય તેવુ બનેલુ નથી અને આરોપીઓએ તેવી લાલચ આપીને તેણીની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીઓએ તેણીની સાથે બળાત્કાર કરી તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવુ કાંઇ બનેલ નથી તેમજ તેણીએ કોઇ કપડા પોલીસને આપેલા નથી અને તેણી કોઇ કપડા ઓળખતી નથી અને ફરીયાદ આપ્યા બાદ તેણી પોલીસ સ્ટેશન ગયેલ નથી તેમજ મેડિકલ ચકાસણી દરમ્યાન ડોકટરને કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી તેમજ તેણીએ જે ૧૮૩ નું નિવેદન આપેલુ તે પોલીસે તેણીને શીખવાડેલુ હતુ અને તે બોલવાનું કહેતા તેણીએ બોલેલું પરંતુ તેમા જણાવ્યા મુજબની હકીકત તેણીની સાથે બનેલી નથી. તે સંજોગોમાં જ્યારે ખૂદ ફરિયાદી કે જે ભોગબનનાર સાહેદ છે અને તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તેણીએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેણીને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં આ કામે આરોપીઓ વિરુદ્ધ ફરમાવવામાં આવેલ આંક ૨૧ વાળા તહોમતનામામા જણાવ્યા મુજબના આક્ષેપિત ગુન્હાની હકીકત મુબજનો કોઇ બનાવ તેણી સાથે બનેલ જ નથી. વધુમાં

ભોગબનનારના માતા–પિતાનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી તેમજ તેમની સોગંદ ઉપરની જુબાનીની હકીકતો ધ્યાનમાં લેતા, ફરિયાદની હકીકત તથા બનાવની હકીકત અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે મહત્વના સાહેદ ભોગબનનાર/ફરિયાદી તેમજ ભોગબનનારના માતા–પિતાના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને જરુરી સમર્થન પ્રાપ્ત થતુ નથી, તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલ તબીબી સાહેદોનો પુરાવો તેમજ સાયન્ટિફીક પુરાવો અને અન્ય સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી પણ આ કામના આરોપીઓએ તહોમતનામાં મુજબનો ગુનો કરેલ હોવાનુ ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને તેથી પંચનામાઓની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં આરોપીઓએ ભોગબનનાર/ફરિયાદીને તેના પતિ સાથે સમાધાન કરાવી દેવાની લાલચ આપી, તેણીની મરજી વિરુદ્ધ તેણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી તેણીને ગર્ભવતી બનાવી દીધેલી હોય તેવી હકીકત અંગેનો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. જેથી આ કામે રેકર્ડ ઉપરની તમામ હકીકતોથી ફરિયાદીની ફરિયાદ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ નથી.

**૨૪.** આ તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટના ક્રિમીનલ અપીલ નંબરઃ ૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત નીચે મુજબ છે.

*Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of the witnesses and the findings recorded by the Special Court, it*

*appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are possible, the appellate court should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with*

*the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.*

**૨૫.** આમ, ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમાં મટીરીયલ વિટનેસ એટલે કે ભોગબનનાર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં ભોગબનનાર જે મહત્વના સાહેદ છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓઓ વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

**૨૬.** વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઇએલએસસી પાના નંબરઃ ૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In*

*unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is*

*condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion,*

*howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

**૨૭.** ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપીઓ સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે મહત્વના સાહેદ ફરિયાદી/ભોગબનનાર પોતે તથા ભોગ બનનારના માતા-પિતાએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં ઉપરોક્ત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબરઃ ૧ નો જવાબ નકરામાં આપી મુદ્દા નંબરઃ ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-// આખરી હુકમ //-**

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧)

અન્વયે, આરોપી નંબરઃ (૧) **રમેશભાઇ ખીમાભાઇ ખાવડુ,** આરોપી નંબરઃ (૨) **પ્રકાશભાઇ જયંતીભાઇ પરમાર,** બી.એન.એસ. એક્ટ–૨૦૨૩ની કલમ–૬૪(૨)(એમ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** જો આરોપીઓઓ વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીઓએ બી.એન.એસ.એસ. કલમ ૪૮૧ મુજબ રૂા.૧૦,૦૦૦/– અંકે રુપિયા દસ હજાર પુરાના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*